Rs. 5.00/-




# LOOK N LEARN Children's Jain MAGAZINE

10th February 2019 Every Fortnight I English, Hindi & Gujarati

હે પ્રભુ!!
જેવી તારી કાલ હતી, એવી મારી આજ છે!
મને વિશ્વાસ છે
જેવી તારી આજ છે, એવી મારી આવતી કાલ હશે!

Year - 12, Vol: 13, Issue: 01, Date: 10.02.2019
Editor: Ashokbhai Sheth 20, Vanik Niwas, 1st floor, Cama Lane, Ghatkopar (West), Mumbai - 400 086.

## મંગલ ઘડી છે સંયમ અનુમોદનાની,
## વરસી રહી છે હેલી અભિવંદનાની!



**સંસાર છે વેસ્ટ ...**

જેમ ચારણીમાં ક્યારેય પાણી ભરી શકાતું નથી,
તેમ આ મનરૂપી ચારણી પણ ક્યારેય ઈચ્છાઓથી ભરાતી નથી.
એટલે ઈચ્છાપૂર્તિ માટે કરેલો દરેક પુરુષાર્થ waste...

**સંયમ છે બેસ્ટ...**

ઈચ્છાઓનું જ્યારે મૃત્યુ થાય છે ત્યારે જ સંયમનો જન્મ થાય છે,
જ્યારે સંસાર વેસ્ટ છે અને સંયમ બેસ્ટ છે તેની સમજ થાય છે...
ત્યારે જ શ્રેષ્ઠની પ્રાપ્તિ થાય છે,
એટલે કે પ્રભુના ચરણ, શરણ અને પરમની પ્રાપ્તિ થાય છે.

Cheque or Draft:
Arham Yuva Group

Parasdham
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 77

Subscription for 10 years
India : Rs. 1000/-
Abroad : Rs. 5000/-

સંયમ એટલે..

# મનનું સમર્પણ અને સર્વ અર્પણ


## સમર્પણતાથી સિધ્ધત્ત્વની પરમ યાત્રા

-Gurubhakt Mehta Parivaar

પરમના પંથે જનારા, તમને વંદન અમારા...
રાગીમાંથી વૈરાગી બનનારા, તમને વંદન અમારા...
પરમાત્માને હૃદયમાં સ્થાપિત કરનારા, તમને વંદન અમારા...
સેવાને-સમતાને શ્વાસ બનાવનારા, તમને વંદન અમારા...
જિનશાસનની શાન વધારનારા, તમને વંદન અમારા!



## તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબનો
## ૮-૨-૨૦૧૯ ના ૨૧મો સ્મૃતિ દિવસ...



સૂર્ય જેવા તેજસ્વી
ચંદ્રમાં જેવા શીતલ
સાગર જેવા ગંભીર
ગગન જેવા વિશાળ
નદી જેવા પાવન
હિમાલય જેવા અડગ
પાણી જેવા નિર્મળ
સમય જેવા નિશ્ચલ
પુષ્પ જેવા કોમળ
એવા અનેક સદ્‌ગુણોથી ભરપૂર
એવા પરમાત્માના વારસદાર

- Kolkata Gurubhakt

**તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબના**
**ચરણોમાં કોટી કોટી વંદન...**

દીક્ષા દાનેશ્વરી રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના

૨૮ મો સંયમ જયંતિ અનુમોદના અવસર : ૧૦-૨-૨૦૧૯



શ્રી સમવયાંગ સૂત્રમાં પરમાત્મા બોધ આપે છે...

જેમ ચક્રવર્તીઓએ ૩૪ ક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કર્યો,

તેમ ૩૪ સંયમીઓ... આત્મા ઉપર વિજય પ્રાપ્ત કરવા તત્પર બન્યાં છે.

આવી જ્યોત ૩૪ સંયમી આત્માઓમાં પ્રજ્વલિત કરનારા,

સિદ્ધા સિદ્ધિં મમ્ દિસંતુ ના પથ દર્શાવનારા...

દીક્ષા દાનેશ્વરી પૂજ્ય ગુરુદેવ શ્રી ના ચરણોમાં

ભાવ વંદના... અભિવંદના!

- Ghatkopar Gurubhakt

# ૩૪ સંયમી આત્માઓને સંયમ જીવનની શુભેચ્છા..




- Gurubhakt

# Saiyam Anumodna

## ધન્ય થયા દીક્ષાદાનેશ્વરી રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી. નમ્રમુનિ મહારાજ સાહેબ, ધન્યાતિધન્ય થયા દીક્ષીત સુશિક્ષિત ૩૪ આત્માઓ

### દીક્ષા - ૨૦૧૩

પૂજ્ય શ્રી સુપૂર્વીબાઈ મહાસતીજી

મે ૨૦૧૯ ના ષષ્ઠી સંયમ જીવનની શતઃ શતઃ અનુમોદના

### દીક્ષા - ૨૦૧૪

૧. પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મ. ૨. પૂજ્ય શ્રી પરમ સંબોધિજી મ. ૩. પૂજ્ય શ્રી પરમ પવિત્રાજી મ.
૪. પૂજ્ય શ્રી પરમ સમાધિજી મ. ૫. પૂજ્ય શ્રી પરમ તપસ્યાજી મ. ૬. પૂજ્ય શ્રી પરમ દિવ્યતાજી મ.
૭. પૂજ્ય શ્રી પરમ મિત્રાજી મ. ૮. પૂજ્ય શ્રી પરમ અનન્યાજી મ. ૯.પૂજ્ય શ્રી પરમ પ્રતિષ્ઠાજી મ.
૧૦. પૂજ્ય શ્રી પરમ કૃપાજી મ. ૧૧. પૂજ્ય શ્રી પરમ વિરક્તાજી મ.

ફેબ્રુઆરી ૨૦૧૯ ના પાંચમી સંયમ જીવનની શતઃ શતઃ અનુમોદના

### દીક્ષા - ૨૦૧૬

૧. પૂજ્ય શ્રી વિનમ્રમુનિ મહારાજ સાહેબ ૨. પૂજ્ય શ્રી પવિત્રમુનિ મહારાજ સાહેબ
૩. પૂજ્ય શ્રી પરમ અસ્મીતાજી મ. ૪. પૂજ્ય શ્રી પરમ સન્મિત્રાજી મ. ૫. પૂજ્ય શ્રી પરમ સાંનિધ્યાજી મ.
૬. પૂજ્ય શ્રી પરમ આમાન્યાજી મ. ૭. પૂજ્ય શ્રી પરમ ઋજુતાજી મ. ૮. પૂજ્ય શ્રી પરમ ઋષિતાજી મ.

ફેબ્રુઆરી ૨૦૧૯ ના તૃતીય સંયમ જીવનની શતઃ શતઃ અનુમોદના

### દીક્ષા - ૨૦૧૮

૧. પૂજ્ય શ્રી પરમ અર્પિતાજી મ. ૨. પૂજ્ય શ્રી પરમ સમ્યકતાજી મ. ૩. પૂજ્ય શ્રી પરમ અનુભૂતિજી મ.
૪. પૂજ્ય શ્રી સુતિર્થીકાજી મ. ૫. પૂજ્ય શ્રી પરમ જિનવરાજી મ. ૬. પૂજ્ય શ્રી પરમ શ્રુતિકાજી મ.
૭. પૂજ્ય શ્રી પરમ પાવનતાજી મ. ૮. પૂજ્ય શ્રી પરમ પ્રભુતાજી મ. ૯. પૂજ્ય શ્રી પરમ સાત્વીકાજી મ.
૧૦.પૂજ્ય શ્રી પરમ વિભૂતિજી મ. ૧૧. પૂજ્ય શ્રી પરમ ગરિમાજી મ. ૧૨. પૂજ્ય શ્રી પરમ આત્મીકાજી મ.

ફેબ્રુઆરી ૨૦૧૯ ના પ્રથમ સંયમ જીવનની શતઃ શતઃ અનુમોદના

૧. પૂજ્ય શ્રી પરમ સ્વમિત્રાજી મ. ૨. પૂજ્ય શ્રી પરમ આરાધ્યાજી મ.

ફેબ્રુઆરી ૨૦૧૯ ના ૨ મહિના સંયમ જીવનની શતઃ શતઃ અનુમોદના

# જૈન સાધુ

(તર્જ-રાગ: ચૌદ વર્ષની ચારણા કન્યા)


Lets honour the supreme and unmatchable qualities of a Jain Sadhu

Watch the video on You Tube - Parasdham:

(https://www.youtube.com/watch?v=_m4_FzF4eZo)

જિનાજ્ઞામાં ઝૂલતો સાધુ,
ઝળહળતા જિન શાસનનો સાધુ,
પ્રતિક્રમણ - પ્રતિલેખન કરતો સાધુ,
વ્યાખ્યાન-વાંચણી સંભળાવતો સાધુ,
ગૌચરી- ગવૈષણા કરતો સાધુ,
તપ-ત્યાગ માં ઝૂલતો સાધુ,
સેવા- વૈયાવચ્ચ કરતો સાધુ,
ગાથા- જ્ઞાન ફેરવતો સાધુ,
ગુરુ આજ્ઞામાં જીવતો સાધુ,
ભજન - ભક્તિ કરતો સાધુ,
પરિષહોને સહન કરતો સાધુ,
કર્મ સામે કેસરીયા કરતો સાધુ,
પગપાળા વિહાર કરતો સાધુ,
ધ્યાનમાં મસ્ત રહેતો સાધુ,
સૂતા-સૂતા જાગતો સાધુ.

(રચયિતા : શ્રી મનોજભાઇ ડેલીવાળા, રાજકોટ)



# વંદન છે... રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવના VISION ને !



પ્રભુ તારા જેવા બનવું છે,

પ્રભુ જેવા બનવા સ્વીકાર્યો સંયમ પંથ યૌવન વયે,

કર્મોને ક્ષય કરવા જેમણે ગજસુકુમારના ઉપદેશને હૃદયે ધર્યો,

અરૂણોદયે અહો જિનશાસનના નાદનું ગુંજન કર્યું ગોંડલ સંપ્રદાયે,

પ્રભુ કૃપા અને ગુરુ ભક્તિ પ્રાપ્ત થઇ છે ભાગ્યોદયે...

તિન્નાણં તારયાણં થશે પૂણ્યોદયે...

એવા પૂજ્ય પરમ આરાધ્યાજી મહાસતીજીના ચરણોમાં શત શતઃ વંદના... અભિવંદના...

**પૂજ્ય ગુરુદેવશ્રીએ દીક્ષા મહોત્સવના પ્રવચનમાં કેટકેટલી પ્રેરણા આપી હતી જાણે આવનાર પરિષહ માટે મુમુક્ષુ આત્માને માનસિક રીતે તૈયાર કરી રહ્યાં હોય ! !**



- કસોટીની સોટી ખાવા માટે જ **સાધનાનો માર્ગ સ્વીકારવાનો હોય છે.**
- જેમણે પ્રતિકૂળતાને **સમ્યક્ ભાવે** સહન કરી છે, તેમણે પ્રગતિ કરી છે.
- મોહ જ્યારે સંપૂર્ણ દૂર થાય, ત્યારે અંતર આત્મામાંથી શૌર્ય જાગૃત થાય...
  कि परम मरणं सिया.. **મૃત્યુથી વધારે શું આવશે ?**
- **મારે તો આ જ માર્ગે ચાલવું છે, ભલે ગમે તેટલાં કષ્ટો આવે !**
- अज्जेव धम्मं पडिवज्जयामि - **મારે તો આજે જ દીક્ષા લેવી છે.**
- એક વીરાંગનાની વીરતા, લાખો માટે આત્મ **પુરુષાર્થનું** કારણ બની શકે છે.
- આરાધનાની ઉંમર ભલે 17 વર્ષ હોય, પણ આ તો **સિંહનું બચ્ચું છે, અમારું બાળ છે.**
- આત્મકલ્યાણના માર્ગે દેહની ઉંમર નહીં **આત્માની પાત્રતા** જોવાય છે.



ગુરુદેવ ! આપની અસીમ કૃપા અને કરુણા સાથે,

આરાધનાની અડગતાના સમન્વયે...

**આરાધના** બની શકી છે ...

## પૂજ્ય શ્રી પરમ આરાધ્યાજી મહાસતીજી



## ગજસુકુમાલ મુનિ અને પરમ આરાધ્યાજી મ.સ. વચ્ચે રહેલી સૌમ્યતા, વિવિધતા વિશે વાંચો રસપ્રદ માહિતી...

- ગજસુકુમાલ મુનિની ઉંમર ૧૬ વર્ષે હતી.
- માતા-પિતાની ઈચ્છાથી એક દિવસ માટે રાજા બનેલ ગજસુકુમાલે રાજ સિંહાસન ઉપર આરુઢ થઈને આદેશ કર્યો કે જલ્દી-જલ્દી મારું મુંડન કરાવો, મારા મસ્તક ઉપરથી બોજો ઉતરાવો અને મને ઓઘો એટલે કે રજોહરણ આપો...
- ગજસુકુમાલ મુનિને સંયમ અંગીકાર કર્યા બાદ, દીક્ષાના દિવસે જ ઉપસર્ગ આવ્યો.
- ગજસુકુમાલના મસ્તક ઉપર ગરમ અંગારા મૂકાયેલ.
- ગજસુકુમાલ મુનિને મહાકાલ સ્મશાનમાં ઉપસર્ગ આવ્યો.
- ગજસુકુમાલને ઉપસર્ગ આવ્યો ત્યારે બે જ વ્યક્તિ ઉપસ્થિત હતી. એક ગજસુકુમાલ પોતે અને ઉપસર્ગ આપનાર સોમીલ બ્રાહ્મણ.
- ગજસુકુમાલ મુનિની ઘટના પ્રભુ શ્રી અરિષ્ટનેમિના શાસનમાં થઈ,
- ગજસુકુમાલ મુનિને ઉપસર્ગ આવશે તેવો અંદાજ હતો જ કારણકે તેઓએ બારમી પડિમા ધારણ કરેલી હતી.
- ગજસુકુમાલની કથા જૈન આગમ શ્રી અંતગડ સૂત્રમાં અંકિત થઈ.
- ગજસુકુમાલ મુનિએ ઉપસર્ગ સમયે ચિંતન કરેલું કે મારે તો મારા કર્મોના ભુક્કા બોલાવવા છે.
- ગજસુકુમાલ મુનિ સવારે સંસારી, મધ્યાહ્ને મુનિ અને સાંજે સિદ્ધ થઇ ગયેલ.

અવિરામ વંદન છે
પૂજ્ય ગજસુકુમાલ મુનિના
આત્માને...
કોટી કોટી વંદન છે...

# Fearless

- પરમ આરાધ્યાજી મ.સ. ની ઉંમર પણ ૧૬ વર્ષ છે.
- પરમ આરાધ્યાજીએ હોસ્પિટલના બીછાનેથી, ઉપચાર કરી રહેલાં સેવાભાવી ડૉ. દોશી સાહેબ અને ડૉ. ડોબરીયા સાહેબને કહ્યું મને શીઘ્રાતિ શીઘ્ર સંયમ સમવસરણમાં પૂજ્ય ગુરુદેવ સમીપે લઈ જાવ. આજે જ ગુરુ મુખેથી કરેમિ ભંતે નો પાઠ ભણી દીક્ષા અંગીકાર કરવી છે.
- પરમ આરાધ્યાજીને સંયમ અંગીકાર કર્યા પહેલાં દીક્ષાના દિવસે જ ઉપસર્ગ આવ્યો.
- મસ્તક ઉપર લોખંડની તોતીંગ વજનદાર કમાન પડી.
- સંયમ સમવસરણની બહાર રાજકોટના મેદાનમાં ઉપસર્ગ આવ્યો.
- જ્યારે પરમ આરાધ્યાજીને ઉપસર્ગ સમયે ૨૦,૦૦૦ ની મેદની , ગુરુભગવંતો અને ચર્તુર્વિધ સંઘ ઉપસ્થિત હતા.
- આ ઘટના પ્રભુ મહાવીરના શાસનમાં પંચમ આરામાં ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં થઈ.
- જ્યારે પરમ આરાધ્યાજીને આવા કોઈ ઉપસર્ગની કલ્પના જ ન હતી.
- પરમ આરાધ્યાજીના હૃદયના ઉત્કૃષ્ટ ભાવો, અકલ્પનિય હિંમત અને સહનશીલતાની યશો ગાથા યુગો-યુગો સુધી ગવાશે.
- પરમ આરાધ્યાજીએ પણ ભાવના વ્યકત કરી કે મારા પ્રાણ ભલે જાય, પરંતુ સંયમ અંગીકાર કરવાની મારી આણ ન જવી જોઈએ.
- પરમ આરાધ્યાજી સવારે આઠ કલાકે શોભાયાત્રા, નવ કલાકે હોસ્પિટલમાં અને મધ્યાહ્ને સાધ્વી બની સાધના અને આરાધનામાં લીન બની ગયાં...



પૂજ્ય પરમ આરાધ્યાજી
મ.સ. અને
વીરના વારસદાર
એવી વીરાંગનાને...



# ગજસુકુમાલ

દ્વારિકા નગરીના રાજા શ્રીકૃષ્ણ વાસુદેવ હતાં. તેમની માતાનું નામ દેવકી અને પિતાનું નામ વસુદેવ હતું. તેમના સૌથી નાના અને લાડીલા ભાઈનું નામ હતું ગજસુકુમાલ. એકવાર, ભગવાન નેમિનાથ (બાવીસમાં અરિષ્ટનેમિ) વિચરણ કરતાં કરતાં દ્વારિકા નગરીની બહાર ઉદ્યાનમાં પધાર્યા. શ્રીકૃષ્ણ વાસુદેવ તેમના દર્શન કરવા નગરમાંથી બહાર નીકળતા હતાં, ત્યારે તેમણે દ્વારિકા નગરીના માર્ગ ઉપર એક સુંદર કન્યા સોમા ને જોઇ. શ્રીકૃષ્ણને તે ગજસુકુમાલ સાથે વિવાહ કરવા યોગ્ય લાગી.

આથી શ્રીકૃષ્ણએ સોમાના પિતા સોમિલ બ્રાહ્મણની આજ્ઞા લીધી. શ્રીકૃષ્ણ મહારાજ, રાણીઓ, ગજસુકુમાલ તથા બીજા અનેક નગરજનો નેમનાથ ભગવાનના દર્શન કરવા અને તેમની વાણી સાંભળવા માટે આવ્યાં હતાં. ભગવાનનો ઉપદેશ સાંભળીને ગજસુકુમાલને વૈરાગ્ય ઉત્પન્ન થયું. માતા પિતાની અનુમતિ મેળવીને તે જ દિવસે બપોરે માથે મુંડન કરીને ભગવાન નેમિનાથ પાસે દીક્ષા અંગીકાર કરી. તે જ દિવસે સાંજે તેઓએ ભગવાનને સવિનય વંદન નમસ્કાર કરીને પરમાત્માની આજ્ઞા લઇને મહાકાલ સ્મશાનમાં જઇને ભિક્ષુ પ્રતિમા સ્વીકાર કરી અર્થાત્ સમ્પૂર્ણ રાત્રી ધ્યાનમાં ઉભા રહેવું.




ભગવાનની આજ્ઞા મેળવીને ગજસુકુમાલ મહાકાલ સ્મશાનમાં આવ્યાં તેઓ એક પુદ્ગલ પર દષ્ટિ કરીને એક રાત્રીની મહાપ્રતિમા સ્વીકારીને ધ્યાનમાં ઉભા રહી ગયાં. તે જ દિવસે સોમિલ બ્રાહ્મણ હવન માટે લાકડાં, ઘાસ આદિ સામાન લેવા બહાર ગયા હતા ત્યારે મહાકાલ સ્મશાનમાં કાઉસ્સગ કરીને ધ્યાનમાં ઉભેલાં ગજસુકુમાલ મુનિને તેણે જોયા. તેમને જોતાં જ તેના હૃદયમાં પૂર્વભવનું વેર જાગૃત થયું તે સ્વગત બોલ્યાં મારી નિર્દોષ દીકરી સોમા જે યુવાન છે, તેને વિના કારણે જ છોડીને આ સાધુ બની ગયો છે. નજીકમાં રહેલાં તળાવમાંથી તેણે ભીની માટી લીધી અને ગજસુકુમાલના માથા પર પાળી બાંધી દીધી.

સ્મશાનમાં બળી રહેલી એક ચિતામાંથી બળી ગયેલા લાકડાંના અંગારા લઇને તેણે ગજસુકુમાલ મુનિના માથા પર મૂકી દીધા. પછી તેને કોઈ જોઇ ન જાય તેવા ભયથી તે ત્યાંથી ભાગી ગયા. ગજસુકુમાલ મુનિના શરીરમાં અસહ્ય મહાવેદના ઉત્પન્ન થઇ. તે વેદના અત્યંત દુઃખમય ભયંકર અને અસહ્ય હતી... ચામડી તડતડ તૂટી અને ખોપરી ફાટી, વેદનાનો પાર ન રહ્યો. છતાં પણ ગજસુકુમાલ મુનિ સોમિલ બ્રાહ્મણ પર લેશ માત્ર પણ દ્વેષ ન કરતાં સમભાવપૂર્વક વેદના સહન કરવા લાગ્યા... આત્મા નિત્ય છે અને શરીર અનિત્ય છે, ક્ષમા એ આત્માનો ગુણ છે અને ક્રોધ કરવો તે વિભાવ છે... મારા અશુભ કર્મોનું ફળ હું ભોગવી રહ્યો છું. તેવું ચિંતન તેઓ કરતાં રહ્યાં... તેમને કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત થયા અને તેઓ મોક્ષ પામ્યાં...

પ્રભુ સાથે વાત, ભાવો એવી ભાવના...
ભાવીમાં પૂર્ણ થાય સંયમની શુભ ભાવના!

✧ નામની આગળ શ્રી અને સ્વ ઘણાં લાગ્યા...





✧ હવે નામની આગળ ભગવાન લાગે એવી સાધના કરવી છે.

✧ કેશની સુંદરતા માટે સૌંદર્ય પ્રસાધનોથી ઘણી માવજત કરી...






✧ હવે કેશનું લુંચન કરી પરમાત્માની આજ્ઞા પાલનનો આત્મ સંતોષ ક્યારે મળશે?

✧ ફેશનેબલ કપડાં પહેરી લોકોને ઘણાં આકર્ષિત કર્યા...





✧ હવે પરમાત્માનો વેશ ધારણ કરી આત્મ સાધના ક્યારે કરીશ?

✧ દેશ-વિદેશમાં પ્રવાસ કરી મોજશોખ ઘણાં કર્યા...





✧ જિનશાસનની પ્રભાવના કરી ઘર ઘરમાં જિનવાણી ક્યારે પહોંચાડીશ?



✧ સંસારમાં રહી પળે પળે જીવોની હિંસા ઘણી કરી...



✧ હવે સંયમ ગ્રહણ કરી પળે પળે જીવોને અભયદાન ક્યારે આપીશ?

✧ જીભના રસસ્વાદ માટે ઘણાં પદાર્થ ચાખ્યા છે...





✧ હવે રસપરિત્યાગ ભર્યા જીવનનો સ્વાદ ક્યારે ચાખશું?

✧ શોખ અને પરિગ્રહ રાખી ઘણું જીવન જીવ્યા...






✧ હવે ત્યાગ અને પરિગ્રહ સહ જીવન ક્યારે જીવશું?

✧ સગા-સંબંધી અને સ્વજન માટે ઘણું જીવન સમર્પિત કર્યું...





✧ હવે પરમાત્મા અને ગુરુને ક્યારે સમર્પિત થઇશ?

# GLIMPSES OF JATRA 2018

Blessed were the Devotees of India wide
Arham Yuva seva group who got a unique opportunity
to drench their souls in the downpour of positivity and
Bhakti during the 3 day special Divine Shibir.










Every heart was overwhelmed to experience the divine vibrations of Girnar Gadh and absorb the motivational and self uplifting bodh in Sanidhya of Rashtrasant Pujya Gurudev Shree Namramuni Maharaj Saheb.

# શ્રાવકના ૩ મનોરથ

I am one of the tirth
Today, I can't take Diksha and
I'll have to stay in sansar but
I follow religion whole heartedly,
and
I pray this everyday.



- अहो भगवंत! ए दिवस क्यारे आवशे ज्यारे हुं आरंभ, परिग्रह नो त्याग करी श्रावकना १२ व्रत अंगीकार करीश। ते दिवस मारो धन्य थशे।
- O Parmatma! I wait for the day when my urge to gather wealth and possessions will die down and I too shall adopt the auspicious 12 vows of a Shravak!
- अहो भगवंत! ए दिवस क्यारे आवशे ज्यारे हुं पंच महाव्रतधारी निर्ग्रंथ साधु बनीश। ते दिवस मारो धन्य थशे।
- O Parmatma! I long for the day when I will be able to accept the 5 vows of a Sadhu and take Diksha!
- अहो भगवंत! ए दिवस क्यारे आवशे ज्यारे हुं अंतिम समये आलोचना करी समाधि पूर्वक संथारो करी मृत्यु ने पामीश। ते दिवस मारो धन्य थशे।
- O Parmatma! When will the day come when I will accept the vows of Santhara (Meditational Death) in my last breath and achieve eternal peace of mind!




Cross

(1) अपने हाथ से केश/बालों को निकालना - (2)

(2) साधु - साध्वीजी रखते है - (5)

(3) गुरुदेव के दर्शन होते ही करे - (3)

(4) 48 minutes का होता है - (4)

(5) साधु - साध्वीजी करते है इनका स्वाध्याय - (3)

(6) साधु - साध्वीजी के व्रत को कहते है - (6)

(7) साधु - साध्वीजी एक गांव से दूसरे गाव करते है - (3)

Down

(A) साधु - साध्वीजी लेने जाते है - (3)

(B) सुबह - शाम करना चाहिए - (5)

© पंचमहाव्रत में से एक - (3)

(D) हमें रोज गिननी चाहिए - (2)

(E) "दीक्षा" का दुसरा नाम - (3)

(F) साधु - साध्वीजी के कपड़े का रंग - (2)

(G) ज्ञान, .......... चारित्र और तप - (3)

# ART OF BHAVNA



Shravak has to perform Pratikraman twice a day

Shravak observes 2, 4 or 6 partial ascetic vow (Paushadh) in a Year

Shravak posses qualities like good character austerity and virtues, etc

Shravak has compassion for weaker living beings

Shravak always helps others

Shravak believes in Guru and Religion

Shravak considers others wealth to be pebbles

Shravak observes 12 vows

Shravak believes in Charity and Helping others

Shravak knows 9 fundamentals including life and non-life

Shravak believes in Parmatma


Shravak has 21 virtues

Registered with Registrar of Newspapers under RNI No. MAH MUL/2011/40056
Vol.: 13, Issue: 01, Date:.10.02.2019, Postal Registration No. MNE/171/2018-20.
Date of Posting / Date of Publication 10th & 25th of every month.
License to post without prepayment, WPP license No. MR/Tech/WPP-273/NE/2019.
Look N Learn - Posted at Mumbai patrika channel sorting office Mumbai -1

# भक्तामर गाथा

छत्रत्रयं तव विभाति शशांककान्त, मुच्चैः स्थितं स्थगित भानुकर-प्रतापम्।
मुक्ताफल-प्रकरजाल-विवृद्धशोभं, प्रख्यापयत्त्रिजगतः परमेश्वरत्वम् ।।३१।।

## अर्थ



चन्द्रमा के समान सुन्दर, सूर्य की किरणों के सन्ताप को रोकने वाले, तथा मोतियों के समूहों से बढ़ती हुई शोभा को धारण करने वाले, आपके ऊपर स्थित तीन छत्र, मानो आपके तीन लोक के स्वामित्व को प्रकट करते हुए शोभित हो रहे हैं।

## शब्दार्थ



| | |
|---|---|
| छत्र-त्रयं | : तीन छत्र |
| तव | : आपका |
| विभाति | : शोभित हो रहे हैं |
| शशांक-कांतमु | : चंद्रमा के समान कांतीवाले |
| उच्चैःस्थितं | : उपर स्थित |
| स्थगित | : रोक दिया हैं |
| भानु-कर | : सूर्य कि किरणो के |
| प्रतापम् | : प्रचंड तप को |
| मुक्ता-फल | : मोतियों के |
| प्रकर-जाल | : समूहों की झालर को |
| विवृद्ध-शोभं | : बढ़ रही हैं शोभा जिनकी |
| प्रख्यापयत् | : प्रकट करते हुए |
| त्रिजगतः | : तीनो जगत की |
| परमेश्वरत्वम् | : परमेश्वरता को |

छत्र प्रतिहार्य काव्य

Publisher, Printer and Owner Ashok R. Sheth, Printed at : Accurate Graphics Pvt. Ltd.,
15-A, Samrat Mill Compound, L.B.S Marg, Vikhroli (W), Mumbai - 400 079.
Publish at Mumbai : 20, Vanik Nivas, Kama Lane, Ghatkopar (W), Mumbai - 86. Editor : Ashok R. Sheth